# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in

Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.

તા: ૨૮/૦૩/૨૦૧૬

તંત્રી શ્રી ______________________

સુરત

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## અગ્રવાલ સમાજના બ્રેનડેડ વિજયભાઈ શાહના અંગોનું દાન પરિવારજનોએ કરાવી સમાજને નવી રાહ બતાવ્યો

નામ: વિજયભાઈ બાબુલાલ શાહ ઉ. વ.૬૬ બ્લડ ગ્રુપ-ઓ+ (નિવૃત્ત જીવન)

રહેવાસી : ૪૦૩, જ્યુપીટર બિલ્ડીંગ, રાજહંસ કેમ્પસ, પાલ હજીરા રોડ, સુરત.

કૌટુંબિક વિગત : પત્ની : ચંદાદેવી વિજયભાઈ શાહ ઉ. વ.૬૨

પુત્રો : ૧. અજય વિજયભાઈ શાહ ઉ.વ ૪૪ (કલકત્તામાં કાપડના વ્યવસાય સાથે સંકળાયેલ છે.)

૨. અભિષેક વિજય શાહ ઉ.વ ૩૨ (રાધાકૃષ્ણ માર્કેટમાં આવેલ ગોપાલજી ગ્રુપમાં જોબ કરે છે)

પુત્રી : સુષ્મા દક્ષેશ પટેલ ઉ.વ ૪૧

**બનાવની વિગત:**

શુક્રવાર તા. ૨૫ માર્ચ, ૨૦૧૬ ના રોજ બપોરે સામાજિક કાર્ય પતાવીને પોતાના ટુવ્હીલર પર અડાજણ પાટિયા થી ઘરે જવા નિકળ્યા હતા ત્યારે રાજહંસ સીનેમાની નજીક એક અજાણ્યા બાઈક ચાલકે ટક્કર મારતા તેઓ તેમના વ્હીકલ પરથી નીચે પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થઇ હતી અને તેઓ બેભાન થઇ ગયા હતા તેથી તેમને તાત્કાલિક BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલમાં ડૉ. ધવલ પટેલ ની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. સી.ટી. સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું.

શનિવાર તા. ૨૬ માર્ચ, ૨૦૧૬ના રોજ વધુ સારવાર માટે પરિવારજનોએ તેમને મુંબઈની પી. ડી. હિન્દુજા હોસ્પીટલમાં દાખલ કરવાનો નિર્ણય કર્યો. તેથી તેમને સવારે ૧૧.૦૦ કલાકે BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલ થી બાય રોડ મુંબઈ લઇ જઈ સાંજે ૫.૦૦ કલાકે પી. ડી. હિન્દુજા હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. મીલીન્દ સાંખેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાં ડૉક્ટર દ્વારા સી. ટી. સ્કેન કરાવતા બ્રેઈન સ્ટેમમાં ગંભીર ઇજાઓ થઇ હોવાનું નિદાન થયું હતું. બીજા અભિપ્રાય માટે સીનીયર ન્યુરોફીઝીશ્યન ડૉ. બી. કે. મિશ્રાનો સંપર્ક કરવામાં આવ્યો તેઓએ પણ બ્રેઈનમાં ગંભીર ઈજાઓ થઇ હોવાનું નિદાન કર્યું. અને જણાવ્યું કે આ પરિસ્થિતિમાં ઓપરેશન થઇ શકે તેમ નથી. આથી પરીવારજનોએ તેઓને સુરત પરત લાવી હોસ્પીટલમાં દાખલ કરવાનો નિર્ણય લીધો. તેથી રાત્રે ૧.૩૦ કલાકે હિન્દુજા હોસ્પિટલ થી ડિસ્ચાર્જ લઇ રવિવાર તા. ૨૭ માર્ચ ૨૦૧૬ના રોજ સવારે ૬.૦૦ કલાકે BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલમાં ડૉ. ધવલ પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

રવિવાર તા. ૨૭ માર્ચ ૨૦૧૬ના રોજ સવારે ૯.૩૦ કલાકે ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીઝીશ્યન ડૉ. રોશન પટેલે તેમને બ્રેનડેડ જાહેર કર્યા.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

**DONATE LIFE™**
an initiative for organ donation




BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલના ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. ચેતન મહેતાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી વિજયભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ હોસ્પીટલ પહોંચી વિજયભાઈના દીકરા અજય અને અભિષેક, જમાઈ દક્ષેશને ઓર્ગન ડોનેશન અંગેની જાણકારી આપી ઓર્ગન ડોનેશન અંગેનું મહત્વ સમજાવ્યું.

વિજયભાઈના ધર્મ પત્ની મંદાદેવી અને પરિવારના સૌ સભ્યોએ એક અવાજે જણાવ્યું કે જ્યારે અમારું સ્વજન બ્રેનડેડ છે અને શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેમના અંગોથી કિડની, લીવર ફેલ્યોરના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી બંને કિડની સુરતના જયાબેન તુલસીભાઈ જશાણી ઉ.વ. ૪૫ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના રમેશભાઈ મંગળભાઈ પટેલ ઉ.વ. ૫૬ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. જમાલ રીઝવી, ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં વિજયભાઈની પત્ની મંદાદેવી, પુત્રો અજય અને અભિષેક, પુત્રી સુમન, જમાઈ દક્ષેશ તેમજ સમગ્ર શાહ પરિવાર, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડૉ. રોશન પટેલ, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. ચેતન મહેતા, BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુભાષ જીયાણીનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૪૨ કિડની, ૪૬ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૨ હૃદય અને ૧૧૮ ચક્ષુઓનો દાન મેળવીને ૩૧૧ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**